# બાળકને વસ્તુઓથી નહીં પરંતુ વહાલથી જીતો

મુકેશભાઈ બી. પરમાર
(M.A, M.Ed., GSET)

આજના વર્તમાન યુગમાં દરેક બાળકના વાલિ બીઝી થઈ ગયેલા જોવા મળે છે. તેથી તે તેના બાળકને પણ ઈઝીલી રીતે લે છે તે સારી બાબત નથી. તેના પરિણામો ઈઝી આવી શકે તેમ નથી. વાલિને પોતાના બાળકને ઉછેરવા માટે પૂરતો સમય નથી, આવા પરિવારોની સંખ્યા દિન –પ્રતિદિન વધતી જાય છે. આવા પરિવારો આર્થિક રીતે ભલે સધ્ધર હોય પરંતુ તેવા પરિવારોને ગરીબ ગણવા જોઈએ આજના યુગમાં કોઈ એક પરિવાર આર્થિક કારણોસર ગરીબ ગણાય છે. તો બીજો પરિવાર સંસ્કાર મૂલ્યોમાં ગરીબ ગણાય છે આવી ગરીબાઈના કારણે ઘોડિયાઘર અને વૃદ્ધાશ્રમની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે આ ઘોડિયાઘરમાં ઘર જેવુ વાતાવરણ હોય છે. વૃદ્ધાશ્રમના આપણાં વડીલોને કુટુંબ જેવી પ્રેમ –હૂંફ મળતી હશે ? વગેરે જેવા પ્રશ્નો આજના સમયમાં સમાજ સામે આવીને ઊભા છે, તેના માટે જવાબદાર કોણ તે બાબતે ચિંતન કરવાની જરૂર છે.

વર્તમાન સમયમાં વાલિ પાસે પોતાના બાળક માટે પૂરતો સમય છે ? વાલિ પોતે ઓફિસ, મિત્રો, સામાજિક કારણો પાછળ એટલે સમય ફાળવે છે કે તેને પોતાના બાળક સાથે બેસીને વાત કરવાનો સમય નથી. મિત્રો પાછળ કલાકોના કલાકો વેડફતા આજના વાલિઓ પાસે પોતાના સંતાન પાછળ બે મિનિટનો સમય નથી. દેશની કેટલીક સ્માર્ટ સીટીઓમાં તો જાહેર રજા કે રવિવારના દિવસે જ બાળક તેના પિતાને જુએ છે. પિતા નોકરીથી રાત્રે દસ વાગ્યાથી ઘરે આવે ત્યારે બાળક સૂઈ ગયેલું જોવા મળે છે, અને સવારે બાળકના જાગતા પહેલા પિતા નોકરીએ જતા રહેતા હોય છે ત્યારે બાળક પોતાના પિતાને પણ જોઈ કે તેમની પાસે આનંદ માણી શકતું નથી. આવા પ્રકારની સ્થિતિ મોટા ભાગે શહેરી વિસ્તારોમાં જોવા મળે છે માટે જ તો વૃધ્ધાશ્રમો બાંધવાની જરૂરિયાત ગ્રામ્ય વિસ્તારોમાં ઊભી થઈ નથી, વૃધ્ધાશ્રમો બાંધવાની જરૂરિયાત કહેવાતા સભ્ય સમાજમાં ઊભી થઈ છે.

આજના યુગમાં ખૂબજ વ્યસ્ત રહેતા માતા પિતા પોતાના બાળકને ઉછેર માટે ઘોડિયા ઘરની વ્યવસ્થા કરે છે અથવા તો ઘરે જ બાળકોને સાચવવા માટે બાઈ પગારથી રોકી લે છે. આમ કરવાથી આધુનિક અને શહેરી જીવનધોરણ જીવતા માતા-પિતા પોતાના બાળક પ્રત્યેની ફરજ પૂરી કરી છે. તેવો ભાવ અનુભવે છે. આવી પરિસ્થિતિઓમાં બાળક ઉંમરમાં મોટું થતું જાય છે, પરંતુ દિલથી નાનું થતું જાય છે એવા ઘણાં બધા બાળકો છે કે જે મા કરતા આયાને વધારે પસંદ કરતા હશે. સમય આયા સાથે બાળક જમવાથી માંડીને તમામ પ્રકારની પ્રવૃત્તિઓ કરે છે તેની બાળકના કેન્દ્રમાં માતા-પિતા કરતાં આયા જોવા મળે છે. આપણાં બાળકને ભૌતિક સુવિધાઓ આપવી તે ખરાબ બાબત નથી, પરંતુ ભૌતિક સુગસગવડતા ભાર નીચે અન્ય બાબતો દબાઈ જાય છે તેની સામે વિરોધ છે. બાળક પાછળ પૈસાના રોકણની સાથે – સાથે પ્રેમનું પણ રોકાણ થાય તે ખૂબ જ જરૂરી છે. બાળકને ક્યારેય પૈસાથી જીતી શકાતું નથી, પરંતુ પ્રેમથી જીતી શકાય છે. બાળકના વાલિ બજાર માંથી બાળક માટે જુદા-જુદા પ્રકારના રમકડાં લાવશે, પરંતુ તે બાળકને સાથે બજારમાં લઈ જવાનો સમય નહીં ફાળવે અહી વાલિના મતે વસ્તુઓ આવી ગઈ એટ્લે બાળક ખુશ થઈ જશે એવું માને છે એવા વાલિ

બાળકના માનસને જાણતા નથી. વાલિએ લાવેલ રમકડાં બે-પાંચ દિવસ રમશે ત્યાર બાદ ફેંકી દેશે તેનો વસ્તુઓ પાછળનો આનંદ બે – પાંચ દિવસથી વધારે ટકતા નથી. જો બાળકને કાયમને માટે આનંદમાં રાખવા હોય તો વસ્તુઓને બદલે બદલે વહાલ આપો આનંદિત બાળકોનો શારીરિક, માનસિક, સાંસ્કારિક વિકાસ થશે. આ વિકાસ જ આધુનિક સમયમાં વધતા જતા વૃધ્ધાશ્રમોને રોકશે.